# ૧૪ જુલાઇ – ૨૦૧૬ (ગુરૂવાર)

**(૧) 'ઓપરેશન સંકટ મોચન'**

– દક્ષિણ સુદાનમાં ગૃહયુદ્ધને પગલે ચાલી રહેલ હિંસામાં ત્યાં વસતા ૬૦૦ જેટલા ભારતીયો ફસાયા છે.

– ભારત સરકારે આ ભારતીયોને બચાવવા અને હેમખેમ ભારત પાછા લાવવા 'ઓપરેશન સંકટમોચન' હાથ ધર્યું છે.

**(૨) થેરેસા મે – બ્રિટન વડાપ્રધાન :**

– બ્રિટનના વડાપ્રધાન ડેવિસડ કેમરૂને રાજીનામું આપતા થેરેસા મે બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા.

– માર્ગારેટ થેચર બાદ થેરેસા મે બ્રિટનના બીજા મહિલા વડાપ્રધાન બન્યાં.

– તેઓ ૨૦૧૦ થી બ્રિટનના ગૃહપ્રધાન બન્યાં હતા.

**(૩) જો એન્ટિચ :**

– ભારતીય હોકીના લેજન્ડરી ખેલાડી અને ઓલિમ્પિયન જો એન્ટિચનું અવસાન.

– તેઓ વર્ષ ૧૯૬૦માં રોમ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર ભારતીય હોકી ટીમના સભ્ય હતાં.

– તેઓ ભારતીય ટીમમાં સેન્ટર હાફની પોઝિશન પરરમત્તા હતાં.

– બે વર્ષ સૂધી તેઓએ ઓમાનની નેશનલ ટીમને કોચિંગ પણ આપ્યું હતું.

પ્રશ્નો :

(૧) દક્ષિણ સુદાનમાં ગૃહયુદ્ધને પગલે આવી રહેલા હિંસામાં ફસાયેલા ભારતીયોને બચાવવા ભારત સરકારે ક્યું ઓપરેશન હાથ ધર્યું હતું ?

– ઓપરેશન સંકટમોચન

(૨) બ્રિટનના નવા વડાપ્રધાનનું નામ જણાવો.

– થેરેસા મે

(૩) થેરેસા મે પહેલા બ્રિટનમાં કયાં એકમાત્ર મહિલા વડાપ્રધાન રહી ચૂક્યા છે ?

– માર્ગારેટ થેચર

(૪) તાજેતરમાં કયા ભારતીય હોકીના ભૂતપૂર્વ ખેલાડીનું અવસાન થયું ?

– જો એન્ટિચ

(૫) જો એન્ટિચે કયાં દેશની નેશનલ હોકી ટીમને બે વર્ષ કોચીંગ આપ્યું હતું ?

– ઓમાન

(૬) કયાં ઓલિમ્પિકમાં ભારતીય હોકી ટીમે સિલ્વર મેડલ જીત્યુ હતું જેમાં એન્ટિચ ટીમના સભ્યા હતા.

– ૧૯૬૦ – રોમ ઓલિમ્પિક

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧